# વરસાદી મોસમમાં કેવાં ફુટવેર પસંદ કરશો?



વરસાદની મોસમમાં અયોગ્ય ફુટવેર પહેરવાથી માત્ર પગને જ નુકસાન થતું નથી પરંતુ લપસી જવાનો ડર પણ રહે છે. આપણે આઉટફિટ્સ અને પોતાને ભીંજાતા અટકાવવા માટે રેનકોટ અને છત્રીનો ઉપયોગ કરીએ છીએ પરંતુ પગ પર બહુ ઓછું ધ્યાન આપીએ છીએ. વરસાદમાં યોગ્ય પ્રકારનાં ફુટવેર નહીં પહેરવાથી પગમાં ઈન્ફેક્શન થઈ શકે છે. ઘણી વાર શૂઝ પહેરી રાખવાથી પગમાંથી દુર્ગંધ આવે છે. આથી સ્લિપરી ન હોય એવા ફુટવેર પસંદ કરવા જરૂરી છે. ફુટવેર પણ સ્ટાઈલ સ્ટેટમેન્ટનો એક મોટો ભાગ છે. તમે અવસર અને ડ્રેસ પ્રમાણે જ ફુટવેર પસંદ કરો છો પરંતુ મોસમ પ્રમાણે પણ ફુટવેર પસંદ કરવાં જોઈએ. વરસાદમાં ભીના થવાથી પગને કોઈ પણ પ્રકારના ઈન્ફેક્શનથી બચાવવા હવાદાર અને ખુલ્લા ફુટવેર પહેરવાં જોઈએ. આવો, વરસાદમાં પર્ફેક્ટ ફુટવેરના કેટલાક વિકલ્પો જોઈએ...

## જેલી શૂઝ અને ફ્લેટ્સ



જેલી શૂઝ એક સ્ટાઈલિશ અને ક્વિક ડ્રાય ઓપ્શન છે. એ રંગબેરંગી સિલિકોન અથવા PVC મટીરિયલમાંથી બનાવવામાં આવે છે જે ધોવા અને સૂકવવામાં આસાન છે.

## વોટરપ્રૂફ અને ટ્રાવેલ ફ્રેન્ડલી સેન્ડલ્સ

વરસાદમાં તમે વોટરપ્રૂફ અને ટ્રાવેલ ફ્રેન્ડલી ફુટવેર પહેરો એ જ સલાહભર્યું છે. એનાથી તમારા પગને પાણી પણ લાગશે નહિ અને તમે બેફિકર થઈ હરીફરી શકશો. ડેલી યુઝ, કોલેજ કે શોપિંગ માટે વોટરપ્રૂફ સેન્ડલ્સ સૌથી સારો વિકલ્પ છે. એ વજનમાં લાઈટ હોય છે અને ભીનાં થાય તો તરત સુકાઈ જાય છે. વરસાદમાં કમ્ફર્ટ અને સ્ટાઈલ બાબતમાં એ ઓલટાઈમ ફેવરિટ ઓપ્શન છે.



## ફ્લિપ ફ્લોપ

ચોમાસામાં રબર અને પ્લાસ્ટિકના ફ્લિપ ફ્લોપ એક સારો વિકલ્પ છે. ફ્લિપ ફ્લોપ પાણીને રીપેલ કરે છે અને એમાં પગ જલદી સુકાઈ જાય છે. જો ફ્લિપ ફ્લોપ પહેર્યાં હોય તો તમે પાણીની મજા માણી શકો છો. આ ફુટવેરમાં તમારા પગ શ્વાસ લઈ શકે છે.



## ફ્લોટર્સ

ચોમાસાની ઋતુમાં એવાં ફુટવેર પહેરવાં જોઈએ જેનાથી પગની પકડ જળવાઈ રહે. ફ્લોટર્સમાં સ્ટ્રેપ હોવાથી એ પગમાં બરાબર ફિટ રહે છે. રબર સોલ હોવાને કારણે ભીની જમીન પર પણ એની પકડ રહે છે અને લપસી પડવાનો ડર રહેતો નથી.

## લોફર્સ

ઓફિસ, બિઝનેસ મીટિંગ કે ફોર્મલ લુક્સ માટે લોફર્સ પહેરી શકાય. એ સ્માર્ટ અને ક્લાસી લુક આપે છે.

## બેલીઝ



વરસાદમાં બેલીઝ પણ એક સારો વિકલ્પ છે પરંતુ લેધર બેલીઝ પસંદ ન કરો. રબર કે પ્લાસ્ટિકનાં બેલીઝ ચોમાસામાં યોગ્ય પસંદ છે. એ પહેરવાથી પગમાં કાદવ લાગતો નથી. ફેશન અને ટ્રેન્ડ સાથે પગ પણ સુરક્ષિત રહેશે.

## ટ્રેન્ડી ફુટવેર સ્ટાઈલ

- ટ્રાન્સપરન્ટ સેન્ડલ્સ આ મોસમમાં ટ્રેન્ડમાં છે.
- નિયોન કલર ફ્લિપ ફ્લોપ લુકને નિખારે છે.
- રેન બૂટ્સ શોર્ટ ડ્રેસ કે જીન્સ સાથે પેર કરી શકાય.
- વરસાદમાં ડાર્ક કલરના ફુટવેર ખરાબ દેખાતાં નથી.
- એન્કલ લેન્થ પેન્ટ સાથે ફ્લિપ ફ્લોપ સારા લાગે છે.
- વોટરપ્રૂફ બેગ સાથે મેચિંગ ફુટવેર સ્ટાઈલ વધારે છે.
- બદબૂથી બચવા શૂઝ ડિયોડોરાઈઝરનો ઉપયોગ કરો.



## રબર ગમ બુટ્સ અને રેન બુટ્સ

જ્યારે મુશળધાર વરસાદ હોય કે પાણી ભરાયેલાં વિસ્તારોમાંથી જવાનું હોય ત્યારે ગમબૂટ્સ પગને સૂકા અને સુરક્ષિત રાખે છે. એ પગને કાદવ અને ગંદા પાણીથી બચાવવાની સૌથી સારી રીત છે.

## ક્રોક્સ



ક્રોક્સ લાઈટ મટીરિયલનાં હોય છે એ હવાદાર પણ હોય છે એટલે પગ જલદી સુકાઈ જાય છે. ક્રોક્સ સ્ટાઈલિશ હોવાની સાથે વેસ્ટર્ન ડ્રેસિસ સાથે સારો લુક આપે છે. ક્રોક્સ પગને સપોર્ટ પણ આપે છે એટલે સ્લીપરી જમીન પર પકડ રહે છે અને લપસી જવાનો ડર રહેતો નથી. આજકાલ ક્રોક્સ કુલ સ્ટેટમેન્ટ માનવામાં આવે છે. તો આ વરસાદી મોસમમાં તમે પણ આ કુલ સ્ટેટમેન્ટને અપનાવી શકો છો.

## શું ન પહેરશો?

### સ્પોર્ટ્સ શૂઝ

સામાન્ય રીતે તો આ શૂઝ બહુ કમ્ફર્ટેબલ હોય છે. એ પહેરી તમે ભાગીદોડી શકો છો પરંતુ વરસાદમાં એ પસંદ કરવાં ન જોઈએ. એ બંધ હોવાથી ફંગલ ઈન્ફેક્શન થવાની શક્યતા રહે છે.

### લેધર ફુટવેર

ચોમાસામાં ભૂલથી પણ લેધરનાં શૂઝ-ચંપલ પહેરવાં ન જોઈએ. લેધર પાણીમાં ભીના થયા બાદ ખરાબ થઈ શકે છે અને એમાંથી બદબૂ પણ આવવા માંડે છે એટલે વરસાદમાં એ ન પહેરવામાં જ સમજદારી છે.



### સ્વેડ્ શૂઝ

આ શૂઝ પાણી બહુ જલદી શોષી લે છે અને તેના પર પાણીના ડાઘ આસાનીથી પડી જાય છે એટલે ખરાબ થઈ શકે છે.

### કેનવાસ શૂઝ

કેનવાસ શૂઝ ભીના થયા બાદ સુકાતા ઘણી વાર લાગે છે એટલે પગમાં ઈન્ફેક્શન અને દુર્ગંધની સમસ્યા ઉદભવી શકે છે.

### હાઈ હીલ્સ

ભીના અને લપસી પડાય એવા માર્ગો પર હાઈ હીલ્સ પહેરવી કોઈ દુર્ઘટનાને આમંત્રણ આપવા જેવું છે.